ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY, GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

અખબારી યાદી

તા. ૨૮.૦૨.૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી, ..............................

## ભારતના વૈજ્ઞાનિકોએ બનાવેલ સેટેલાઈટ ટેકનોલોનજી વિશ્વમાં શ્રેષ્ઠ: જે.પી.જોષી
## રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિતે વ્યાખ્યાન યોજાયું.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર અને રોટરી કલબ ભાવનગર ના સંયુકત ઉપક્રમે થયેલ આયોજન

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિતે ભાવનગરના રોટરી હોલ ખાતે "સેટેલાઈટ કોમ્યુનીકેશન : ભારતની વિજ્ઞાન અને ટેકનોલોજી આધારીત નવી શોધો" વિષય પર કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર અને રોટરી કલબ ભાવનગર ના સંયુકત ઉપક્રમે વ્યાખ્યાન યોજાયું.

ઈસરોના નિવૃત વૈજ્ઞાનિક શ્રી જે. પી. જોષી એ મલ્ટી મીડીયા પ્રેઝન્ટેશનના માધ્યમથી ભારત દ્વારા બનાવવામાં આવેલ વિવિધ સેટેલાઈટની માહિતીઓ આપવામાં આવી હતી. જેમાં સેટેલાઈટ તૈયાર કરવાથી લઈને તેને અવકાશમાં તરતો મુકવા સુધીના વિવિધ તબક્કાઓ અંગેની વિવિધ પ્રક્રિયાઓ અને તે માટેની લેવામાં આવતી સાવધાનીઓ અને તેમાં વપરાતાં સાધનો અને મટીરીયલ્સની વિગતો સરળતાથી સમજાવી હતી.

અવકાશ વિજ્ઞાનના પિતામહ અને ભારતના ઉજ્જવળ ભવિષ્યના દ્રષ્ટા વિક્રમ સારાભાઈ દ્વારા ભારતની ભૂતકાળમાં કોઈ તૈયારી ન હોવા છતાં ભવિષ્યની જરૂરીયાત માટે સેટેલાઈટ માટેના પાર્કીંગ સ્લોટ મેળવવાના પ્રયત્નોની સરાહના કરી જણાવ્યું હતું કે તેના કારણે જ આજની કોમ્યુનીકેશન ટેકનોલોજી સરળ બની શકી છે.

ભારતના વૈજ્ઞાનિકોની કુશળતા અને આવડતને કારણે ભારત વિશ્વના અન્ય દેશોના સેટેલાઈટ અવકાશમાં તરતા મુકીને કરોડો રૂપીયાનું હુંડીયામણ પણ કમાઈ રહયું છે. તેઓએ પોતાના વ્યાખ્યાન બાદ ઉપસ્થિત લોકોના પ્રશ્નોના જવાબ આપેલા.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિતે ભાવનગરના કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર અને રોટરી કલબ ભાવનગર ના સંયુકત ઉપક્રમે વ્યાખ્યાન ની શરૂઆતમાં રોટરી કલબ, ભાવનગરના પ્રમુખ અમીત રાવલ દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવેલ હતું. કાર્યક્રમના અંતે આભારવિધી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડે કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે લોક વિજ્ઞાન કેન્દ્ર તથા રોટરેકટ ના સભ્યો અને હિતેષભાઈ શાહે જહેમત ઉઠાવી હતી.

(હર્ષદ જોષી)
ઓફીસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર